https://divya-b.in/5tpIzv9qWCb

# આયોજન:EDIIના સેશનમાં રસનાના ચેરમેન પિરુઝ ખંભાતાએ કહ્યું કે,'આંત્રપ્રિન્યોરશિપ પર્પઝ સાથે કરાશે તો જ રાષ્ટ્ર નિર્માણ માટે ઉપયોગી નીવડશે'

અમદાવાદ2 દિવસ પહેલા

EDIIના સ્થાપક પદ્મશ્રી ડૉ.વી.જી. પટેલ મેમોરિયલ લેક્ચર સેશનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રસના બ્રાન્ડના ચેરમેન પિરુઝ ખંભાતાએ 'આંત્રપ્રિન્યોર : અ નેશન બિલ્ડર' વિષય પર મંતવ્યો શેર કરતાં જણાવ્યું કે, 'પહેલા પિતા બાળકને ડૉક્ટર, એન્જિનિયર કે ટીચર બનાવવા માગતા હતા, જ્યારે હવે સમય બદલાયો છે, હવેના સમયમાં પિતા બાળકને બિઝનેસ કરવા માટે પ્રેરણા આપે છે. યંગસ્ટર્સ પણ નોકરી કરવાની જગ્યાએ બિઝનેસ કરવા માટે વધારે તત્પર જોવા મળી રહ્યાં છે. પણ આંત્રપ્રિન્યોરશિપ કોઇ પર્પઝ સાથે કરવામાં આવે તો જ રાષ્ટ્ર નિર્માણ માટે ઉપયોગી નીવડશે.

રાષ્ટ્ર નિર્માણ માટે દેશના નાના વિસ્તારોમાં વિકાસ કરવાની જરૂર પડશે. વિદેશોમાં ઈન્ડસ્ટ્રી અને યુનિવર્સિટીઝ પાર્ટનરશિપ સાથે આંત્રપ્રિન્યોરશિપને આગળ ધપાવે છે તેમ ભારતમાં પણ તે પ્રકારની નીતિઓને વધુ આવકારવાની જરૂર છે. પહેલા વિકાસની વાતોને અમલમાં મૂકવામાં વર્ષો લાગી જતા હતા પણ હવે ભારતમાં આંત્રપ્રિન્યોરશિપનું સ્તર જે પ્રકારે વધી રહ્યું છે, તેના લીધે ે દિવસોમાં વિકાસને અમલમાં મૂકવામાં આવે છે. પણ ઘણાં આંત્રપ્રિન્યોર્સ પોતાનો બિઝનેસ ભારતમાં વિકસિત કરીને વિદેશમાં સ્થાયી થઇ રહ્યાં છે, જેથી દેશને ઘણું નુકસાન થઇ રહ્યું છે. જેથી આંત્રપ્રિન્યોર્સે વ્યવસાયને દેશ નિર્માણ માટે પણ ઉપયોગી નીવડે તેનું ધ્યાન રાખવું પડશે.'